ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૭(૩) અન્વયે નામદાર રાજ્યપાલશ્રીની ભલામણ જરૂરી છે અને મળી છે.

**માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા**

**ક્રમાંક : ૭**

# બિન-સરકારી વિધેયકના પહેલા વાંચન સંબંધમાં રીત

**પ્રભારી સભ્ય :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૩** ના વિધેયક ક્રમાંક**: ૪** સન **૨૦૨૩**ના **ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક**નું પહેલું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન______ના વિધેયક ક્રમાંક**:..........**સન______ના ........................................................................................................................................વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**(ત્યાર બાદ પ્રભારી સભ્યશ્રી અને મંત્રીશ્રી સહ અન્ય સભ્યશ્રીઓ પોતાનાં વકતવ્યો કરે છે અને ત્યારબાદ પ્રભારી સભ્યશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

## પ્રભારી સભ્યશ્રી પોતાનું વિધેયક પાછું ખેંચી લેવા માગતા હોય તો

**પ્રભારી સભ્ય :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૩** નું વિધેયક ક્રમાંક**: ૪** પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**અધ્યક્ષ :** પ્રશ્ન એ છે કે માનનીય સભ્યશ્રીને સન________નું વિધેયક ક્રમાંક**:............**પાછું ખેંચી લેવાની સભાગૃહ અનુમતિ આપે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયક પાછું ખેંચી લેવાની અનુમતિ આપવામાં આવે છે.

**પ્રભારી સભ્ય :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન **૨૦૨૩**નું વિધેયક ક્રમાંક**: ૪** પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષ :** વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

## પ્રભારી સભ્યશ્રી પોતાનું વિધેયક પાછું ખેંચી લેવા માગતા ન હોય તો

**અધ્યક્ષ :** હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન______ના વિધેયક ક્રમાંક**:........**નું પહેલું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવે છે. વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

**<u>Gujarat Bill No. 4 of 2023.</u>**

## THE GUJARAT EMPLOYMENT GUARANTEE BILL, 2023.

***A BILL***

*to make effective provision for securing the right to work by guaranteeing employment to all persons who volunteer to do skill or unskilled work in the State of Gujarat.*

**<u>સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૪.</u>**

## ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૨૩.

*ગુજરાત રાજ્યમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી તમામ વ્યક્તિઓને રોજગારની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરવા માટેનું વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

**૧**. (૧) આ અધિનિયમ ગુજરાત રોજગાર બાંયધરી અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

**૨**. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,–

(ક) ‘‘પુખ્ત વયની વ્યક્તિ’’ એટલે અઢાર વર્ષની વય પૂરી કરી હોય તેવી વ્યકિત;

(ખ) ‘‘સમિતિ’’ એટલે કલમ ૫ હેઠળ રચાયેલી જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ;

(ગ) ‘‘નિયંત્રક’’ એટલે કલમ ૬ હેઠળ નીમાયેલા બેરોજગારી નિયંત્રક;

(ઘ) ‘‘કાઉન્સિલ’’ એટલે કલમ ૪ હેઠળ રચાયેલી ગુજરાત રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ;

(ચ) ''અમલીકરણ એજન્સી''માં રાજ્ય સરકારે યોજના હેઠળ હાથ ધરેલ કોઈપણ કામનો અમલ કરવાનું કાર્ય જેને સોંપ્યું હોય તેવા રાજ્ય સરકારના કોઈ વિભાગ, સ્થાનિક મંડળ અથવા રાજ્ય સરકારના અન્ડરટેકિંગ (ઉપક્રમ)નો સમાવેશ થાય છે;

(છ) ''અમલીકરણ અધિકારી'' એટલે નિયંત્રકની સાથે વિચારવિનિમય કરીને અમલીકરણ એજન્સીએ પોતાની સત્તા અને ફરજો પૈકી કોઈ સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે નીમેલા અધિકારી;

(જ) ''સ્થાનિક વિસ્તારો'' એટલે સ્થાનિક મંડળની હકૂમતની અંદર આવતો વિસ્તાર;

(ઝ) ''સ્થાનિક મંડળ'' એટલે તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ સ્થપાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા), નગરપાલિકા, પંચાયત અથવા કેન્ટોનમેન્ટ;

(ટ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઠ) ''યોજના'' એટલે કલમ ૭ હેઠળ તૈયાર કરીને પ્રસિદ્ધ કરેલી અને તત્સમયે અમલમાં હોય તેવી રોજગાર બાંયધરી યોજના.

**પુખ્ત વયની વ્યક્તિઓને રોજગારની બાંયધરી.**

**3**. ગુજરાત રાજ્યમાં પુખ્ત વયની દરેક વ્યક્તિને કામ મેળવવાનો અધિકાર એટલે કે કુશળ અથવા યથાપ્રસંગ, બિન–કુશળ કામ કરવા માટે બાંયધરી આપ્યા મુજબનો રોજગાર મેળવવાનો અને આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલી યોજના અનુસાર તે માટે વેતન મેળવવાનો અધિકાર રહેશે.

સ્પષ્ટીકરણ.– કોઈ પુખ્ત વયની વ્યક્તિ સામાન્ય રીતે કોઈ ખાસ તાલીમ વગર જે કામ કરી શકશે તેવું અપેક્ષિત હોય અને યોજનામાં તે તરીકે વર્ગીકૃત કરેલું હોય તો, તે કામ બિન–કુશળ તરીકે ગણવામાં આવશે.

**રાજ્ય કાઉન્સિલ અને તેના કાર્યો.**

**૪**. (૧) આ અધિનિયમના અમલની સામયિક સમીક્ષા અને અમલીકરણની દેખરેખના હેતુઓ માટે, ગુજરાત રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ નામની એક કાઉન્સિલ રહેશે. રાજ્ય સરકાર, કાઉન્સિલના અધ્યક્ષ અને અન્ય સભ્યોને નીમશે. કાઉન્સિલના અન્ય સભ્યોની સંખ્યા એકત્રીસ કરતાં વધવી જોઈશે નહિ, જેમાંના ઓછામાં ઓછા ત્રણ સભ્યો અનુસૂચિત જાતિના સભ્યોમાંથી, ત્રણ સભ્યો અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી અને ત્રણ સભ્યો મહિલા સભ્યોમાંથી નીમવા જોઈશે.

(૨) કાઉન્સિલનું અન્ય કાર્ય, આ અધિનિયમને લગતી અને યોજના અને તેના અમલીકરણને લગતી તમામ બાબતો વિશે રાજ્ય સરકારને સલાહ આપવાનું રહેશે.

(૩) કાઉન્સિલને યોજનાનું મૂલ્યાંકન કરવાની સત્તા રહેશે અને આ હેતુ માટે, સામાન્ય રીતે ગુજરાતની અર્થવ્યવસ્થા અને લોકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિને લગતા અને ખાસ કરીને યોજનાના અમલીકરણને લગતા આંકડા એકત્રિત કરશે અથવા કરાવશે.

(૪) કાઉન્સિલને, આ અધિનિયમ અને યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલા વિશિષ્ટ પ્રશ્નો અને સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે એક અથવા એકથી વધુ અભ્યાસ જૂથોની નિમણૂક માટે રાજ્ય સરકારને ભલામણ કરવાની સત્તા રહેશે.

(૫) કાઉન્સિલ, જિલ્લા રોજગાર બાંયધરી સમિતિઓના કામકાજનું સંકલન કરશે.

**૫.** (૧) રાજ્ય સરકાર દરેક જિલ્લામાં, એક જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ રચશે. દરેક સમિતિ, હોદ્દાની રૂએના અને રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા સભ્યોની બનશે, જે નીચે પ્રમાણે રહેશેઃ– **સમિતિઓ અને તેમના કાર્યો.**

(ક) હોદ્દાની રૂએ સભ્યો

(૧) જિલ્લામાં, મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, હોય તો, તે,

(૨) જિલ્લામાં, નગરપાલિકાઓના પ્રમુખો,

(૩) જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ,

(૪) જિલ્લામાં, તાલુકા પંચાયતોના પ્રમુખો,

(૫) જિલ્લાના કલેક્ટર.

(ખ) નામનિયુક્ત સભ્યો

(૧) જિલ્લામાં, નાના પાયાના ઉદ્યોગોમાં સંકળાયેલી વ્યક્તિઓમાંથી નામનિયુક્ત કરવાના ત્રણ સભ્યો;

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ ઔદ્યોગિક વહીવટમાં નિષ્ણાત હોય તેવા, નામનિયુક્ત કરવાના બે સભ્યો;

(૩) મજૂર નેતાઓમાંથી બે સભ્યો;

(૪) ખેત મજૂરોના રજિસ્ટર થયેલા કોઈ યુનિયનમાંથી બે સભ્યો;

(૫) કોઈ વિસ્તાર મુખ્યત્વે અનુસૂચિત આદિજાતિ વિસ્તાર હોય તો, અનુસૂચિત આદિજાતિઓમાંથી બે સભ્યો;

(૬) પછાત વર્ગોની વ્યક્તિઓમાંથી બે સભ્યો;

(૭) બે મહિલા સભ્યો.

(૨) નામનિયુકત સભ્યોની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) એવી દરેક સમિતિના અધ્યક્ષની નિમણૂક, તેના બિન–સરકારી સભ્યોમાંથી કરવામાં આવશે.

(૪) આ સમિતિ, તેની સંબંધિત હકૂમતમાં, વખતોવખત યોજનાના અમલીકરણની દેખરેખ રાખશે અને સમીક્ષા કરશે અને આ અધિનિયમના વધુ અસરકારક અમલીકરણ માટે તેમના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવા પગલાં રાજ્ય સરકારને અને કાઉન્સિલને સૂચવશે.

(૫) સમિતિ, જિલ્લામાંની અમલીકરણ એજન્સીઓની કામગીરીનું સંકલન કરશે.

**રોજગાર નિયંત્રક અને તેના કાર્યો.**

૬. (૧) સરકાર, દરેક જિલ્લા માટે એક રોજગાર નિયંત્રક નીમશે.

(૨) નિયંત્રક, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર રહેશે અને આ હેતુ માટે, રાજ્ય સરકારના અને જિલ્લામાંના સ્થાનિક મંડળોના તમામ અન્ય અધિકારીઓ નિયંત્રકને જવાબદાર રહેશે.

**યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવા બાબત.**

૭. (૧) કલમ ૩માં જણાવેલી રોજગાર બાંયધરી યોજનાનો અમલ કરવાના હેતુ માટે, રાજ્ય સરકારે, આ અધિનિયમથી અથવા તે હેઠળ અથવા યોજનામાં જણાવેલી શરતોને અધીન રહીને કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર પૂરો પાડવા માટેની યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૨) દરેક નિયંત્રકને, જિલ્લામાં યોજના હેઠળ હાથ ધરવાના કામોની બ્લ્યુ પ્રિન્ટ (રૂપરેખા) તૈયાર કરવા કહેવું જોઇશે.

(૩) નિયંત્રકે, સમિતિ સમક્ષ મંજૂરી માટે બ્લ્યુ પ્રિન્ટ (રૂપરેખા) મૂકવી જોઇશે અને સમિતિ, જિલ્લામાંની અમલીકરણ એજન્સીઓના મંતવ્યો ઉપર વિચારણા કર્યા પછી તેને મંજૂરી આપશે.

(૪) યોજના, ઠરાવવામાં આવે તે રીતે તૈયાર કરીને પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમાં, ઠરાવવામાં આવે તેવી વિગતોનો સમાવેશ થશે.

**નોંધણી.**

૮. નિયંત્રક, કામ કરવા ઈચ્છતી બેરોજગાર વ્યક્તિઓના નામ અને સરનામા નોંધવા માટે જિલ્લામાં નોંધણી સત્તામંડળો રચી શકશે. નામ નોંધવાના સ્થળો, દરેક વ્યક્તિથી ૧૦ કિલોમીટરના અંતરની અંદર જ હોવા જોઈશે. નોંધણી સત્તામંડળો ઠરાવવામાં આવે તે રીતે કાર્ય કરશે.

**સશક્ત વ્યક્તિઓને બાંયધરીયુક્ત રોજગાર આપવા માટે લાગુ પાડવાની શરતો.**

૯. (૧) રાજ્યના કોઈ સ્થાનિક વિસ્તારમાં રહેતી હોય અને કોઈ કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી હોય તેવી દરેક બેરોજગાર પુખ્ત વયની વ્યક્તિ, કલમ ૮ હેઠળ રચાયેલ સત્તામંડળ પાસે પોતાનું નામ અને સરનામું નોંધાવી શકશે. નોંધણી સત્તામંડળ–એ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી આવી વ્યક્તિઓના નામ અને સરનામા નોંધવા જોઇશે. નોંધણી, રાજ્ય સરકાર નક્કી કરે તેટલી મુદત માટે અમલમાં રહેશે અને તેને વખતોવખત તાજી કરી શકાશે. નોંધણી સત્તામંડળને, કોઈ વ્યક્તિએ પોતાની ઉંમર વિશે ખોટું નિવેદન કરીને પોતાનું નામ નોંધાવ્યું છે એવી ખાતરી થાય તો, સંબંધિત વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, રજિસ્ટરમાંથી તેનું નામ કાઢી નાખી શકશે.

(૨) કોઈ કુટુંબમાં કોઈપણ સશક્ત પુખ્ત વયની સભ્ય ન હોય, તો ૧૫ વર્ષની ઉંમર થઈ હોય તેવી કુટુંબની કોઈ સગીર વ્યક્તિ, આ અધિનિયમના હેતુઓ માટે, પુખ્ત વયની વ્યક્તિ તરીકે ગણાશે અને નોંધણી સત્તામંડળ પાસે પોતાનું નામ અને સરનામું નોંધાવવાને હકદાર રહેશે અને કામ અથવા તેના બદલામાં બેરોજગારી ભથ્થું મેળવવાને હકદાર રહેશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુ માટે, 'કુટુંબ' એ શબ્દપ્રયોગનો અર્થ સાથે રહેતા હોય તે પતિ, પત્ની, પિતા, માતા, ભાઈ, બહેન, પુત્ર અને પુત્રી એવો થાય છે.

(૩) નોંધણી થયેલ દરેક વ્યક્તિ, નોંધણીની તારીખથી પંદર દિવસની અંદર રોજગાર મેળવવા માટે હકદાર રહેશે. તે જ્યાં રહેતી હોય તે સ્થાનિક વિસ્તારમાં શક્ય હોય તેટલે સુધી, રોજગાર આપવાનો રહેશે અને તે, તેની શૈક્ષણિક લાયકાતો, અનુભવ અને શારીરિક સ્થિતિ જોતાં તેને માટે યોગ્ય હોવો જોઈશે.

(૪) કોઈ વ્યક્તિના નામની નોંધણીની તારીખથી પંદર દિવસની અંદર રાજ્ય સરકાર તેને રોજગાર આપી શકે નહિ, તો તે, ૧૫ દિવસ પૂરા થયાની તારીખથી, રોજગાર બાંયધરી ફંડમાંથી રોજના રૂા. ૪૫/–ના દરે બેરોજગારી ભથ્થું મેળવવાને હકદાર રહેશે. કોઈ કામ તેને આપવામાં ન આવે ત્યાં સુધી અથવા તેને આપવામાં આવેલ કોઈ કામ કરવાની તે ના પાડે ત્યાં સુધી બેરોજગારી ભથ્થું આપવામાં આવશે.

(૫) પેટા–કલમ (૧) અથવા (૨) હેઠળ યોગ્ય રીતે નોંધણી થયેલ બેરોજગાર વ્યક્તિને આપવાનું બેરોજગારી ભથ્થું, રાજ્ય સરકારે જેને આ અર્થે સત્તા આપેલ હોય તે સત્તાધિકારી/સત્તામંડળ મંજૂર કરશે અને ચૂકવશે અને આ હેતુ માટે રાજ્ય સરકાર પોતે યોગ્ય ગણે તેવી કાર્યરીતિ ઠરાવી શકશે.

(૬) કોઈપણ વ્યક્તિ, તેને આપેલ રોજગાર સ્વીકારે નહિ અથવા કામ કરવાનું કહ્યા પછી ૭ દિવસની અંદર તેમ કરવા માટે હાજર થાય નહિ અથવા સતત એક અઠવાડિયા કરતાં વધુ મુદત સુધી અમલીકરણ અધિકારીની પરવાનગી સિવાય કામ ઉપરથી સતત ગેરહાજર રહે અથવા કોઈ મહિનામાં એક અઠવાડિયાની કુલ મુદત સુધી કામ ઉપર ગેરહાજર રહે, તો તે આ અધિનિયમ હેઠળ કોઈ બેરોજગારી ભથ્થા માટે હકદાર રહેશે નહિ.

**૧૦.** (૧) રાજ્ય સરકાર, દરેક જિલ્લામાં, ઠરાવવામાં આવે તેવી રીતે અમલીકરણ એજન્સી નક્કી કરશે. **યોજનાનો અમલ.**

(૨) કલમ ૭ અનુસાર તૈયાર કરેલ અને પ્રસિદ્ધ કરેલ યોજના હેઠળ રાજ્ય સરકારે જિલ્લા માટે મંજૂર કરેલા કામ, નિયંત્રકે જિલ્લામાં જુદી જુદી અમલીકરણ એજન્સીમાં વહેંચી આપવા જોઈશે.

(૩) પોતાને સોંપેલા કામ કરવા માટે દરેક અમલીકરણ એજન્સીએ, નિયંત્રક સાથે વિચારવિનિમય કરીને અમલીકરણ અધિકારીઓ નીમવા જોઇશે, જેઓ અમલીકરણ એજન્સી તેમને સોંપે તેવા બીજા કાર્યો બજાવશે.

(૪) અમલીકરણ અધિકારી, નજીકના નોંધણી સત્તામંડળ પાસેથી અમલીકરણ એજન્સીએ કરવાના કામો ઉપર નોકરીએ રાખવા માટે વ્યક્તિઓના નામોની યાદી, વખતોવખત મેળવશે.

(૫) અમલીકરણ અધિકારી, કામ કરવા ઈચ્છતી કોઈ બિન–કુશળ વ્યક્તિને કોઈપણ પ્રકારનું શારીરિક કામ કરવાનો અને તેને એક કામમાંથી બીજા કામમાં તબદીલ કરવાનો આદેશ કરી શકશે.

વેતન. **૧૧.** (૧) વેતન, વખતોવખત ઠરાવવામાં આવે તેવા દરોની અનુસૂચિ અનુસાર આપવામાં આવશે.

(૨) દર, સીધી રીતે કામની ગુણવત્તા અને પ્રમાણ સાથે સંકળાયેલો રહેશે અને શક્ય હોય તેટલે સુધી, અન્ય ઉદ્યોગ અથવા રોજગારમાં તેવા જ કામદારોને અપાતા વેતનના દર જેટલો રહેશે.

(૩) બિન–કુશળ કામદારો માટે, દરો એવી રીતે નક્કી કરવાના રહેશે કે દરરોજના આઠ કલાક ખંતથી કામ કરનાર વ્યક્તિને સામાન્યતઃ રાજ્યના ખેત મજૂર માટે વખતોવખત ઠરાવેલા ઓછામાં ઓછા વેતન જેટલું કુલ વેતન મળી રહે.

શિક્ષા. **૧૨.** જે કોઈ વ્યક્તિ,–

(ક) રોજગારમાં હોય પણ કલમ ૯ની પેટા–કલમ (૧) અથવા (૨) હેઠળ પોતાનું નામ નોંધાવે અને તે કલમની પેટા–કલમ (૪) હેઠળ બેરોજગારી ભથ્થું મેળવે; અથવા

(ખ) કલમ ૯ની પેટા–કલમ (૪) હેઠળ બેરોજગારી ભથ્થું મેળવે અને અન્ય સ્થળે રોજગાર સ્વીકારે પણ સંબંધિત નોંધણી સત્તાધિકારીના ધ્યાનમાં આ હકીકત લાવે નહિ અને બેરોજગારી ભથ્થું મેળવવાનું ચાલુ રાખે, તે વ્યક્તિને, દોષિત ઠર્યે, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને મેળવેલા બેરોજગારી ભથ્થાની રકમની બમણી રકમ સુધીના દંડની શિક્ષા થશે.

રોજગાર બાંયધરી ફંડની સ્થાપના. **૧૩.** (૧) આ અધિનિયમના આરંભની તારીખે, રાજ્ય સરકાર, રોજગાર બાંયધરી ફંડ એ તરીકે ઓળખાતું એક ફંડ રચશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ રચાયેલ રોજગાર બાંયધરી ફંડમાં નીચેનું જમા કરવામાં આવશેઃ–

(ક) અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન મળેલા વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના વેરાની તમામ રકમ,

(ખ) રાજ્ય સરકારે, કેન્દ્ર સરકારે અથવા કોઈ સ્થાનિક મંડળે આપેલા કોઈ ફાળા અથવા ગ્રાન્ટ,

(ગ) અન્ય સંસ્થાપિત કે બિન–સંસ્થાપિત મંડળો અથવા વ્યક્તિઓ પાસેથી મળેલી કોઈ રકમો.

(૩) ફંડમાં જમા થયેલી રકમ, યોજનાનો અમલ કરવાના હેતુ માટે ઠરાવવામાં આવે તે રીતે અને તેવી શરતને અધીન રહીને ખર્ચવામાં આવશે.

**૧૪.** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, એવો આદેશ કરી શકશે કે યોજના અને નિયમો કરવાની સત્તા સિવાય આ અધિનિયમ હેઠળ તેણે વાપરવાની સત્તા, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતો હેઠળ તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અધિકારીઓ અથવા તેના તાબાના અધિકારીઓ પણ વાપરી શકશે. **સત્તાની સોંપણી.**

**૧૫.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ યોજના અથવા નિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા નહિ કરેલા તેવા કોઈ કાર્ય માટે રાજ્ય સરકાર અથવા કોઈ સત્તાધિકારી અથવા અધિકારી અથવા મંડળ અથવા વ્યક્તિ સામે કોઈપણ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ. **શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.**

**૧૬.** (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા કોઈપણ હેતુ સિદ્ધ કરવા માટે નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય જે બાબતો આ અધિનિયમથી નિયમો દ્વારા ઠરાવવાનું સ્પષ્ટ રીતે ફરમાવ્યું હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબતની જોગવાઈ કરવા માટે આવા નિયમો કરી શકાશે.

(૩) આ કલમથી સોંપવામાં આવેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ–પ્રસિદ્ધિ પછી કરવામાં આવતા નિયમોની શરતને અધીન રહેશે.

(૪) આ કલમ હેઠળ કરવામાં આવેલ તમામ નિયમો તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જેમાં તે એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યાર પછી તરત આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

## ઉદ્દેશો અને કારણો

પશ્ચિમ બંગાળ અને કેરળ સરકારે બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું મેળવવાનો હક મળે એવા કાયદા કર્યા છે. મહારાષ્ટ્ર સરકારે પણ આ દિશામાં પગલાં લીધાં છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને બ્રિટન જેવા દેશોએ પણ બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું આપવા માટેની જોગાવાઈઓ કરી છે. સમાજવાદી દેશોમાં, કામ મેળવવાના અધિકારને મૂળભૂત અધિકારમાંના એક અધિકાર તરીકે માન્ય કરવામાં આવ્યો છે. આપણા સંવિધાનમાં, અનુચ્છેદ ૪૧ હેઠળ, બીજી બાબતોની સાથોસાથ, બેરોજગારીના કિસ્સામાં કામ મેળવવાનો અધિકાર સુનિશ્ચિત કરી આપવા માટે અસરકારક જોગવાઈ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સંવિધાનના આમુખમાં "સમાજવાદી" શબ્દને સ્થાન આપવામાં આવ્યું છે. સ્વાતંત્ર્યના છોત્તેર વર્ષ પછી પણ, બેરોજગાર કુશળ અને બિન-કુશળ વ્યક્તિઓનો સમુદાય વધતો જ રહ્યો છે. આ પરિસ્થિતિ બેરોજગાર વ્યક્તિઓના મનમાં આગની જેમ અશાંતિ ફેલાવે છે અને વ્યક્તિના વિકાસને પણ રૂંધે છે.

સામાજિક ન્યાયના હિતમાં સરકારે બેરોજગારીની આ ભયંકર પરિસ્થિતિનો અંત લાવવા માટે તરત જ હકારાત્મક અને અસરકારક પગલાં લેવા માટેનો સમય હવે પાકી ગયો છે. દિવસના અંતે કોઈપણ વ્યક્તિ અન્ન વગર ન રહે તે આજની ઘડીનો તકાજો છે. કોઈપણ આકર્ષક સ્વરૂપની યોજના ભૂખ્યા માણસને સંતોષી શકે નહિ.

આજની ઘડીનો એ તકાજો છે કે "તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર આપો અથવા રોજગાર આપી ન શકો તો બેરોજગારી ભથ્થું આપો." તેથી આ વિધેયક.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**
**તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## નાણાકીય યાદી

કલમ ૧૩.– પેટા–કલમ (૧)થી રોજગાર બાંયધરી ફંડ સ્થાપવા અને નિભાવવા માટે જોગવાઈ કરી છે.

પેટા–કલમ (૨)થી, અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના વેરામાંથી મળેલ રકમ અને રોજગાર બાંયધરી ફંડમાં રાજ્ય સરકારે આપેલા કોઈ ફાળા અથવા ગ્રાન્ટની રકમ આપવાની જોગવાઈ કરી છે.

આ જોગવાઈઓથી રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ કરવાનું આવે છે. રાજ્ય સરકારને આમાં ચોક્કસ કેટલું ખર્ચ થશે તે આકારવાનું મુશ્કેલ હોવાથી, આવર્તક અથવા અનાવર્તક ખર્ચનો અંદાજ આપવો શક્ય નથી.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**
**તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોમાં ધારાકીય પ્રકારની સત્તા સોંપવાનો સમાવેશ થાય છે:–

કલમ ૪.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલના અધ્યક્ષ અને સભ્યો નીમવાની સત્તા મળે છે.

કલમ ૫.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, દરેક જિલ્લામાં, જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ રચવાની સત્તા મળે છે.

કલમ ૬.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, રોજગાર નિયંત્રક નીમવાની સત્તા મળે છે.

કલમ ૭.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર આપવાની યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા–કલમ (૪)થી, રાજ્ય સરકારને, યોજના તૈયાર કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.– આ કલમથી, રાજ્ય સરકારને, નોંધણી સત્તામંડળે કાર્ય કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯– આ કલમની પેટા–કલમ (૫)થી, રાજ્ય સરકારને, બેરોજગારી ભથ્થું મંજૂર કરવા અને ચૂકવવા માટેના સત્તાધિકારી/સત્તામંડળ અને કાર્યરીતિ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૦.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, અમલીકરણ એજન્સી નક્કી કરવાની અને એવી એજન્સીઓ નક્કી કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૧.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, વેતનના દર ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.– આ કલમની પેટા–કલમ (૩)થી, રાજ્ય સરકારને, ફંડમાં જમા થયેલી રકમ ખર્ચવાની રીત અને શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪.– આ કલમથી, રાજ્ય સરકારને, પોતાની સત્તા પોતાના તાબાના અધિકારીઓને સોંપવાની સત્તા મળે છે.

કલમ ૧૬.– આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**
**તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪. ]**

ગુજરાત રાજ્યમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી તમામ વ્યક્તિઓને રાજગોરની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરવા માટેનું વિધેયક.

**[ શ્રી ઈમરાન ખેડાવાલા,**

**વિ.સ.સ. ]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

**GUJARAT BILL NO. 4 OF 2023.**

# THE GUJARAT EMPLOYMENT GUARANTEE BILL, 2023.

*A BILL*

*to make effective provision for securing the right to work by guaranteeing employment to all persons who volunteer to do skill or unskilled work in the State of Gujarat.*

It is hereby enacted in the Seventy Fourth year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Employment Guarantee Act, 2023. **Short title, extent and commencement.**

(2) It extends to the whole of the State of Gujarat.

(3) It shall come into force at once.

**Definitions.** **2.** In this Act, unless the context otherwise requires,—

*(a)* "adult person" means a person who has attained the age of eighteen years;

*(b)* "the Committee" means the District Employment Guarantee Committee constituted under section 5;

*(c)* "the Controller" means the Controller of Unemployment appointed under section 6;

*(d)* "the Council" means the Gujarat State Employment Guarantee Council constituted under section 4;

*(e)* "implementing agency" includes any department of the State Government, local body or the State Government undertaking which is entrusted by the State Government with the task of implementing any works taken up under the scheme.

*(f)* "implementing officer" means the officer appointed by the implementing agency in consultation with the Controller to perform any of the powers or the duties of the implementing agency;

*(g)* "local areas" means the area falling within the jurisdiction of a local body;

*(h)* "local body" means a municipal corporation, a municipality, a panchayat or a cantonment established under any law for the time being in force;

*(i)* "prescribed" means prescribed by rules made under this Act;

*(j)* "scheme" means the Employment Guarantee Scheme prepared and published under section 7 for the time being in force.

**Guarantee of employment to audit persons.** **3.** Every adult person in the State of Gujarat shall have a right to work, that is, a right to get guaranteed employment for doing skilled or unskilled work, as the case may be, and to receive wages therefore in accordance with provisions of this Act and the scheme made thereunder.

*Explanation.—A* work shall be regarded as unskilled, if any adult person, without any special training, can normally be expected to do it and which, is so classified in the Scheme.

**State Council and its functions.** **4.** (1) For the purposes of having a periodical review and supervision of the implementation of this Act, there shall be a Council to be called the Gujarat State Employment Guarantee Council. The State Government shall appoint the Chairman and other members of the Council. The number of other members of the Council shall not exceed thirty one, of whom at least, three members shall be appointed from members belonging to the Scheduled Castes, three members from the Scheduled Tribes and three members shall be women.

(2) The other function of the Council shall be to advise the State Government on all matters concerning this Act and the scheme and their implementation.

(3) The Council shall be competent to undertake an evaluation of the scheme and for this purpose collect or cause to be collected statistics pertaining to the economy of Gujarat in general and the socio-economic conditions of the people, and the implementation of the scheme in particular.

(4) It shall also be competent for the Council to recommend to the State Government for the appointment of one or more Study Groups forundertaking a study of specific questions and problems connected with the implementation of this Act and the scheme.

(5) The Council shall co-ordinate the working of the district employment guarantee committees.

**Committees and their functions.**

**5.** (1) The State Government shall constitute a District Employment Guarantee Committee in every district. Each Committee shall consist of *ex-officio* and nominated members by the State Government as under:—

*(A) Ex-officio members*

*(i)* A Commissioner of Municipal Corporation, if any, in the district;

*(ii)* Presidents of municipalities in the district;

*(iii)* President and Vice-President of the District Panchayat;

*(iv)* Presidents of Taluka Panchayats in the district;

*(v)* Collector of the district.

*(B) Nominated members*

*(i)* Three members to be nominated from persons associated with Small Scale Industries in the district;

*(ii)* Two members to be nominated who, in the opinion of the State Government are expert in industrial management;

*(iii)* Two members from the labour leaders;

*(iv)* Two members from any registered union of the agricultural labourers;

*(v)* Two members from Scheduled Tribes, if the area is predominantly the area of Scheduled Tribes;

*(vi)* Two members from the persons belonging to backward classes;

*(vii)* Two members shall be women.

(2) The term of nominated members shall be of three years.

(3) The Chairman of every such Committee shall be appointed from the non-official members thereof.

(4) This Committee shall, within their respective jurisdictionsupervise and review the implementation of the scheme from time to time and shall suggest to the State Government and the Council such steps as in their opinion, are necessary for the more effective implementation of this Act.

(5) The Committee shall co-ordinate the working of the implementing agencies in the district.

**Controller of employment and his functions.**

**6.** (1) The Government shall appoint a Controller of Employment for every district.

(2) The Controller shall be responsible for the implementation of the provisions of this Act and for this purpose all other officers of the State Government and the local bodies in the district shall be responsible to the Controller.

**Preparation and publication of scheme.**

**7.** (1) For the purpose of giving effect to the Employment Guarantee scheme as mentioned in section 3, the State Government shall prepare and publish scheme for providing employment to all adult persons who volunteer to do skilled or unskilled work, subject to the conditions laid down by or under this Act or in the scheme.

(2) Every Controller shall be asked to prepare blue print of the works to be taken up under the scheme in the district.

(3) The Controller shall place the blue print for approval before the Committee which shall give its approval after taking into consideration the views of the implementing agencies in the district.

(4) the scheme shall be prepared and published in such manner and contain such details as may be prescribed.

**Registration.**

**8.** The Controller shall constitute Registering Authorities in the district for registration of name and addresses of unemployed persons who volunteer to work. The places of registration of names shall be within the proximity of 10 kms of every person. The registering authorities shall function in such manner as may be prescribed.

**Conditions applicable for guaranteed employment to able bodied persons.**

**9.** (1) Every unemployed adult person who is residing in any local area within the Stale and willing to do any skilled or unskilled work may get his name and address registered with an authority constituted under Section 8. The registering authority shall register the name and address of such persons after making such inquiry as it deems fit. The registration shall be for such period as may be fixed by the State Government and maybe renewed from time to time. The registering authority, if satisfied, that any person has got himself registered by making a false declaration of his age, may after giving reasonable opportunity to the person concerned of being heard, delete his name from the register.

(2) Where there is no able bodied adult member in a family, a minor member of such family who has attained the age of 15 years shall be deemed to be an adult person for the purposes of this Act and shall be entitled to get registered his name and address with the registering authority and shall be entitled to get work or unemployment allowance in lieu thereof

*Explanation.*—For the purpose of this sub-section the expression 'family' means a husband, wife, father, mother, brother, sister, son and daughter residing together.

(3) Every registered person shall be entitled to be provided with employment within fifteen days from the date of registration. The employment to be provided shall be, as far as possible, within the local area in which he resides, and it shall be suitable to him looking to his educational qualifications, experience and physical condition.

(4) If within fifteen days from the date of registration of a person the State Government is unable to provide employment to him, he shall be entitled to receive from the Employment Guarantee Fund an unemployment allowance from the date of expiry of 15 days, at the rate of Rs. 45/- per day. The unemployment allowance shall be paid until any work is provided to him or till he refuses to do any work offered to him.

(5) The unemployment allowance to be paid to an unemployed person duly registered under sub-section *(1)* or *(2)* shall be sanctioned and paid by the authority empowered by the State Government in this behalf and for this purpose the State Government may prescribe such procedure as it deems fit.

(6) No person shall be entitled to any unemployment allowance under this Act if he does not accept employment provided to him or does not report for work within 7 days of being asked to do so or continuously remains absent from work without permission of the implementing officer for a continuous period of more than a week or remains absent from work for a total period of one week in any month.

**10.** (1) The State Government shall fix implementing agencies in every district in such manner as may be prescribed. **Implementation of the scheme.**

(2) The works sanctioned by the State Government under the scheme, prepared and published in accordance with section 7 for the district shall be distributed by the Controller among different implementing agencies in the district.

(3) Each implementing agency shall appoint implementing officers in consultation with the Controller for carrying out works entrusted to it and for performing such other functions as may be assigned to him by the implementing agency.

(4) The implementing officer shall, from time to time, obtain list of persons from the nearby registering authority for engaging them on the works to be carried out by the implementing agency.

(5) It shall be open for the implementing officer to direct, any unskilled person who volunteers for employment to do any type of manual work and to transfer him from one work to another.

Wages. **11.** (1) The wages shall be paid according to the schedule of rates as may be prescribed from time to time.

(2) The rate shall be directly linked with the quality and quantity of work and as far as possible shall be equal to the rates of Wages given to similar workers in other industry or employment.

(3) For unskilled workers the rates shall be so fixed that a person working diligently for eight hours a day would normally get a total wage equal to the minimum wage prescribed, for agricultural labourer in the State, from time to time.

Penalty. **12.** Any person,—

(a) who is in employment but gets his name registered under sub-section *(1)* or *(2)* of section 9 and draws unemployment allowance under sub-section *(4)* of that section, or

(b) who is in receipt of unemployment allowance under subsection (4) of section 9 and accepts employment elsewhere but does not bring this fact to the notice of the registering authority concerned, and continues to draw unemployment allowance., shall on conviction, be punished with fine, upto twice the amount of unemployment allowance drawn in contravention of the provision of this Act.

Establishment of employment guarantee fund. **13.** (1) On the date of commencement of this Act, the State Government shall constitute Fund to be called the Employment Gurantee Fund.

(2) There shall be credited in the Employment Gurantee Fund constituted under sub-section (1),—

*(a)* the entire amount of tax on professions, trades, callings and employments received during the previous financial year;

*(b)* any contributions or grants made by the State Government, Central Government or any local body;

*(c)* any sums received from other bodies or individuals whether incorporated or not.

(3) The amount standing to the credit of the Fund shall be expended in such manner and subject to such condition as may be prescribed for the purpose of implementing the scheme.

Delegation of powers. **14.** The State Government may, by notification in the *Official Gazette,* direct that the powers exercisable by it under this Act except the power to make the scheme and the rules, shall, in such circumstances and under such conditions, if any, as may be specified in the notification, be exercisable also by such, officer or officers subordinate to it as may be, specified in the notification.

**15.** (1) No suit, prosecution or other legal proceeding shall lie against the State Government or any authority or officer or body or person for anything which is in good faith done or omitted to be done in pursuance of this Act or the scheme or the rules made thereunder. **Protection of action taken in good faith.**

**16.** (1) The State Government may, by notification, in the *Official Gazette*, make rules to carry out all or any of the purposes of this Act. **Power to make rules.**

(2) In particular and without prejudice to the generality of the foregoing power, such rules, may be made to provide for all or any of the matters expressly required or allowed by this Act to be prescribed by rules.

(3) The power to make rules conferred by this section shall be subject to the condition of the rules being made after previous publication.

(4) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as possible after they are made and shall be subject to rescission by the State Legislature or such modification as the State Legislature may make during the session in which they are so laid or the session immediately following.

(5) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette* and shall thereupon take effect.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Government of West Bengal and Kerala have enacted legislations entitling unemployed persons to get unemployment allowance. The Government of Maharashtra has also taken steps in this direction. Even countries like U.S.A. and Britain have made provisions for giving unemployment allowance to unemployed persons. In socialist countries, the right to work has been recognised as one of the Fundamental Rights. In our Constitution, under Article 41 it has been *inter alia,* directed to make effective provision for securing the right to work in cases of unemployment. In the preamble of the Constitution also the word "Socialist" has been given place. Even after Seventy Six years of Independence, the army of unemployed skilled and unskilled persons is over increasing. This situation spreads unrest in the minds of unemployed person like fire, and also mars the development of a person.

It is now high time that in the interest of social justice, the Government should take some positive and effective steps immediately to end this monstrous situation of unemployment. It is the need of the hour that no person should remain without food at the end of the day. No ornamental schemes are going to pacify the hungry person.

The demand of the hour is "Give employment to all adult persons or if unable to give employment, give unemployment allowance". Hence this Bill.

**Gandhinagar,** **IMRAN KHEDAWALA,**
**Dated the 6th February, 2023.** **M. L. A.**

## FINANCIAL MEMORANDUM

*Clause 13.*—Sub-clause *(1)* provides for establishment and maintenance of Employment Guarantee Fund.

Sub-clause *(2)* provides for payment of an amount from the tax on professions, trades, callings and employments received during the previous financial year and any contribution or grants made by the State Government in the Employment Guarantee Fund.

These provisions involve expenditure from the Consolidated Fund of the State. As the exact involvement of the expenditure to be incurred by the State Government is difficult to assess, an estimate of recurring or non-recurring expenditure is not possible.

**Gandhinagar,** **IMRAN KHEDAWALA,**
**Dated the 6th February, 2023.** **M. L. A.**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of powers of legislative nature in the following respects, namely:—

*Clause 4.*— Sub-clause *(1)* of this clause empowers the State Government to appoint Chairman and members of the State Employment Guarantee Council.

*Clause 5.*— Sub-clause *(1)* of this clause empowers the State Government to constitute a District Employment Guarantee Committee in every District.

*Clause 6.*— Sub-clause *(1)* of this clause empowers the State Government to appoint a Controller of Employment.

*Clause 7.*— *(i)* Sub-clause *(1)* of this clause empowers the State Government to prepare and publish a scheme providing employment to all adult persons.

(ii) Sub-clause *(4)* of this clause empowers the State Government to prescribe the manner in which the scheme shall be prepared.

*Clause 8.* — This clause empowers the State Government to prescribe the manners in which the Registering Authority shall function.

Sub-clause *(5)* of clause 9 empowers the State Government to prescribe the authority and the procedure for sanctioning and payment of unemployment allowance.

*Clause 10.*— Sub-clause *(1)* of this clause empowers the State Government to fix the implementing agencies and to prescribe the manner in which such agencies shall be fixed.

*Clause 11.*— Sub-clause *(1)* of this clause empowers the State Government to prescribe the rates of wages.

*Clause 13.*— Sub-clause *(3)* empowers the State Government to prescribe the manners and conditions which the amount standing to the credit of the fund shall be expended.

*Clause 14.*— This clause empowers the State Government to delegate its powers to the officers subordinate to it.

*Clause 16.*— This clause empowers the State Government to make rules to carry out the purposes of the Act.

The delegation of power as aforesaid is necessary and of normal character.

**Gandhinagar** **IMRAN KHEDAWALA,**

**Dated the 6th February, 2023** **M. L. A.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**[ GUJARAT BILL NO. 4 OF 2023. ]**

**A BILL**

*to make effective provision for securing the right to work by guaranteeing employment to all person who volunteer to do skill or unskilled work in the State of Gujarat.*

**[ IMRAN KHEDAWALA,**

**M. L. A. ]**

(As published in the Gujarat Government Gazette of the 3rd March, 2023)

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

------------

Government Central Press, Gandhinagar.